# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: SATURDAY** **National News**

**આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.**

******************************************************

1. નવી દિલ્હી ખાતે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને સૈન્યનાં ત્રણેય પાંખના વડા સાથે પ્રધાનમંત્રીની બેઠક
2. પાકિસ્તાનની ઉશ્કેરણીજનક કાર્યવાહીનો ભારતે ટેકનિકલ માળખા, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, રડાર સાઇટ્સ અને હથિયાર સંગ્રહ પર હુમલા કરીને જવાબ આપ્યો
3. શ્રીનગરથી છાલિયા સુધી 26થી વધુ સ્થળોએ હવાઈ માર્ગે ઘૂસણખોરી કરવાના પાકિસ્તાનના પ્રયાસને ભારતે નિષ્ફળ બનાવ્યો
4. સોશિયલ મીડિયામાં ફેક વીડિયો વાઇરલ કરીને પાકિસ્તાન ગેરમાર્ગે દોરી રહ્યુ હોવાનો ભારતનો આરોપ
5. ભારતમાં માતૃત્વ અને બાળ મૃત્યુદરમાં સતત ઘટાડો થયો
6. શાંઘાઈમાં તીરંદાજી વિશ્વ કપ સ્ટેજ ટુ માં ભારતે ત્રણ ચંદ્રક જીત્યા

..........................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MEETING

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે અત્યારે નવી દિલ્હી પ્રધાનમંત્રી નિવાસ સ્થાન પર મહત્વપૂર્ણ બેઠક યોજાઇ રહી છે.. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને સેનાની ત્રણે પાંખના વડાઓ સાથે પ્રધાનમંત્રી બેઠક કરી રહ્યાં છે..

. . . . . . . . . . . . . . . .

# OPERATION SINDOOR PRESS BRIFING-1

ભારતીય સશસ્ત્ર દળોએ ઈસ્લામાબાદની ઉશ્કેરણીજનક કાર્યવાહીના જવાબમાં ટેકનિકલ માળખા, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, રડાર સાઇટ્સ અને હથિયાર સંગ્રહ વિસ્તારો સહિત પાકિસ્તાની સૈન્ય લક્ષ્યો પર હુમલા કર્યા છે. જ્યાંથી હુમલા થતા હતા તેવા રફિકી, મુરીદ, ચકલાલા, રહીમયાર ખાન સહિત અન્ય સ્થળોને નિશાન બનાવ્યા હતા..

ઓપરેશન સિંદૂર અંતર્ગત વિદેશ મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલય દ્વારા યોજાયેલી સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ અને કર્નલ સોફિયા કુરેશીએ સશસ્ત્ર દળો દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીની વિગતો આપી હતી. તેમણે માહિતી આપી હતી કે પાકિસ્તાની સેના ભારતની પશ્ચિમ સરહદ પર આક્રમક રીતે હુમલા કરી રહી છે અને સ્થિતીને વિપરિત કરવા માટે તેના સૈનિકોને આગળ મોકલી રહી છે. કર્નલ સોફિયા કુરેશીએ કહ્યું કે ભારપૂર્વક જણાવ્યું હતું કે

ભારતીય સશસ્ત્ર દળો કોઇપણ સ્થિતીને પહોંચી વળવા માટે સજ્જ છે અને તમામ કાર્યવાહીનો અસરકારક રીતે જવાબ આપવામાં આવી રહ્યો છે.

(બાઇટ- SOFIA ATTACK..BYTE-01)

ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનની કાર્યવાહીના જવાબમાં માત્ર ચોક્કસ લશ્કરી લક્ષ્યો પર ચોકસાઇપૂર્વક હુમલો કર્યો હતો તેવી પણ કર્નલ સોફિયા કુરેશીએ માહિતી આપી હતી.

# OPERATION SINDOOR PRESS BRIFING-2

કર્નલ સોફિયા કુરેશીએ વધુ માહિતી આપતા કહ્યું હતું કે પાકિસ્તાની સેના ડ્રોન, લાંબા અંતરના શસ્ત્રો, વિસ્ફોટકો અને લડાકુ વિમાનોનો ઉપયોગ કરીને પશ્ચિમી સરહદો પર સતત હુમલો કરી રહી છે. તેમણે કહ્યું હતું કે, ભારતે આ હુમલાઓને નિષ્ફળ બનાવી દીધા છે.. તેમણે ઉમેર્યું હતું કે, પાકિસ્તાને શ્રીનગરથી છાલિયા સુધી 26થી વધુ સ્થળોએ હવાઈ માર્ગે ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો.

(બાઇટ- SOFIA LOCATIONS .. BYTE-2)

ઉધમપુર, ભુજ, પઠાણકોટ, ભટિંડામાં વાયુસેનાના મથકો પર દેશના સાધનો અને કર્મચારીઓને નુકસાન પહોંચાડ્યું હતું. કર્નલ કુરેશીએ ઉમેર્યું હતું કે પાકિસ્તાને ગઈકાલે રાત્રે પંજાબના હવાઈ મથકને નિશાન બનાવવા માટે હાઇ-સ્પીડ મિસાઇલોનો ઉપયોગ કર્યો હતો અને શ્રીનગર, અવંતીપુર અને ઉધમપુરમાં આરોગ્ય સુવિધાઓ અને શાળાઓ પર પણ હુમલો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારત હમેશા શાંતિ ઇચ્છી રહ્યું છે.

**(બાઇટ- SOFIA PEACE .. BYTE-3)**

વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે પાકિસ્તાન દ્વારા સોશિયલ મીડિયા દ્વારા ફેલાવાતા ખોટા સમાચાર પર પણ પ્રકાશ પાડતા કહ્યું હતુ કે ભારતીય એસ-400 પ્રણાલીને નષ્ટ કરી દીધી હતી અને સુરતગઢ અને સિરસામાં હવાઈ ક્ષેત્રોને નુકસાન પહોંચાડ્યું હતું તેવા પાકિસ્તાન દ્વારા વાઇરલ કરવામાં આવેલા અહેવાલોને પાયાવિહોણા અને સત્યથી વેગળા ગણાવ્યા હતા..

આ પત્રકાર પરિષદમાં ઉપસ્થિત વિદેશ સચિવ વિક્રમ મિશરીએ કહ્યું કે, તે પાકિસ્તાને ઉશ્કેરણી અને તણાવ વધાર્યો હતો અને પાકિસ્તાની કાર્યવાહીનો ભારતે સમજદારી અને જવાબદારીપૂર્વકનો પ્રત્યુત્તર આપ્યો હતો.

**(બાઇટ-વિક્રમ મિસરી)**

---------------------------------------------------------------

# KUTCH DROWN

ભારત-પાકિસ્તાન સંઘર્ષને લઇને વહેલી સવારથી જ કચ્છ સરહદ પર હિલચાલ જોવા મળી રહી છે. અબડાસાના નાની ધ્રુફી ગામ નજીક ભારતીય સેનાએ ડ્રોન તોડી પાડ્યું છે. નલિયાથી 22 કિમી દૂર નાની ધ્રુફી અને બેરાજા ગામની સીમમાં તોડી પડાયેલા ડ્રોનનો કાટમાળ મળી આવ્યો છે. આ ડ્રોન છે કે મિસાઇલ તેની હાલ તપાસ થઈ રહી છે. તો આદિપુરમાં પણ તોડી પાડવામાં આવેલા ડ્રોનનો કાટમાળ મળી આવ્યો છે. દરમિયાન કચ્છ કલેક્ટર આનંદ પટેલ અને સાંસદ વિનોદ ચાવડાએ લોકોને કારણ વિના ઘરની બહાર ન નીકળવા અપીલ કરી છે.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PAK ATTACK

ભારતીય સંરક્ષણ દળોએ ગઈકાલે રાત્રે પાકિસ્તાન દ્વારા આંતરરાષ્ટ્રીય સરહદ અને નિયંત્રણ રેખા પર આવેલા બારામુલ્લાથી ભુજ સુધીના 26 સ્થળોએ કરવામાં આવેલા ડ્રોન હુમલાઓની શ્રેણીને નિષ્ફળ બનાવી છે. આમાં નાગરિક અને લશ્કરી લક્ષ્યો માટે સંભવિત જોખમો ધરાવતા શંકાસ્પદ સશસ્ત્ર ડ્રોનનો સમાવેશ થાય છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સ્થળોમાં બારામુલ્લા, શ્રીનગર, અવંતિપોરા, નાગરોટા, જમ્મુ, ફિરોઝપુર, પઠાણકોટ, ફાઝિલકા, લાલગઢ જટ્ટા, જેસલમેર, બાડમેર, ભુજ, કુઆરબેટ અને લખી નાલાનો સમાવેશ થાય છે. સશસ્ત્ર ડ્રોન દ્વારા પંજાબના સરહદી જિલ્લાઓ, જેમાં ફિરોઝપુર, અમૃતસર અને પઠાણકોટનો સમાવેશ થાય છે, પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ ભારતીય સંરક્ષણ દળોએ આ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

# BSF PAK FIRE

બોર્ડર સિક્યુરિટી ફોર્સએ કહ્યું છે કે ગઈકાલે રાત્રે પાકિસ્તાને જમ્મુ સેક્ટરમાં લગભગ ૭ વાગ્યાથી કોઈ ઉશ્કેરણી વિના બી. એસ. એફ. ની ચોકીઓ પર ગોળીબાર કર્યો હતો. બી. એસ. એફ. એ કહ્યું કે તે આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાની રેન્જર્સની ચોકીઓ અને સંપત્તિઓને વ્યાપક નુકસાન પહોંચાડીને અનુરૂપ રીતે જવાબ આપવામાં આવ્યો હતો,

. . . . . . . . . . . . . . . .

# DAY-FACT CHECK

પાકિસ્તાનના હુમલાનો સામનો કરવા માટે ભારતના હુમલાએ પાકિસ્તાનને ચિંતામાં મૂકી દીધું છે.

પરિણામે, પાકિસ્તાન હવે ડિજિટલ સ્પેસમાં બદલો લેવા જેવી ખોટી માહિતી ફેલાવી રહ્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નકલી વિડિઓઝ ફેલાવવાથી લઈને મોર્ફ કરેલી છબીઓ સુધી, પાકિસ્તાન મીડિયાને ગેરમાર્ગે દોરવા પ્રયાસ કરી રહ્યું છે.

શ્રોતાઓ, પાકિસ્તાન સોશિયલ મીડિયા પર ખોટો પ્રચાર ફેલાવવાનો આશરો લઈ રહ્યું છે, આ જટિલ સમયમાં દરેક માહિતીની કાળજીપૂર્વક તપાસ કરવી મહત્વપૂર્ણ છે. જો તમને શંકાસ્પદ સામગ્રી મળે, ખાસ કરીને ભારતીય સશસ્ત્ર દળો અથવા ચાલુ પરિસ્થિતિ સંબંધિત કોઈપણ માહિતી,

તો તમારે તેની જાણ PIB ફેક્ટ ચેકને કરવી જોઈએ. તમે આવી સામગ્રી WhatsApp નંબર 87997 11259 અને ઇમેઇલ ID - SOCIALMEDIA@PIB.GOV.IN પર પણ શેર કરી શકો છો.

. . . . . . . . . . . . . . . .

# india- rgi report

ભારતમાં ટકાઉ વિકાસ 2030 ના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા તરફ માતૃત્વ અને બાળ મૃત્યુદરમાં સતત ઘટાડો જોવા મળ્યો છે.

રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા (RGI) દ્વારા બહાર પાડવામાં આવેલા સેમ્પલ રજીસ્ટ્રેશન સિસ્ટમ (SRS) રિપોર્ટ 2021 અનુસાર, ભારતમાં મુખ્ય માતૃત્વ અને બાળ સ્વાસ્થ્ય સૂચકાંકોમાં નોંધપાત્ર સુધારો ચાલુ છે.

સેમ્પલ રજીસ્ટ્રેશન સિસ્ટમ (SRS) અનુસાર દેશના માતૃ મૃત્યુદર (MMR)માં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, જે 2014-16 માં પ્રતિ લાખ જીવંત જન્મ દીઠ 130 થી 2019-21માં 93 થયો છે.

દેશનો શિશુ મૃત્યુ દર (IMR) 2014માં પ્રતિ 1000 જીવંત જન્મ દીઠ 39થી ઘટીને 2021માં પ્રતિ 1000 જીવંત જન્મ દીઠ 27 થયો છે.

નવજાત મૃત્યુ દર (NMR) 2014માં પ્રતિ 1000 જીવંત જન્મ દીઠ 26થી ઘટીને 2021માં પ્રતિ 1000 જીવંત જન્મ દીઠ 19 થયો છે. પાંચ વર્ષથી ઓછી ઉંમરના મૃત્યુ દર (U5MR) 2014માં પ્રતિ 1000 જીવંત જન્મ દીઠ 45થી ઘટીને 2021માં પ્રતિ 1000 જીવંત જન્મ દીઠ 31 થયો છે. જન્મ સમયે લિંગ ગુણોત્તર 2014માં 899 થી

સુધરીને 2021માં 913 થયો છે. કુલ પ્રજનન દર 2021માં 2.0 પર સ્થિર છે, જે 2014માં 2.3 થી નોંધપાત્ર સુધારો છે.

. . . . . . . . . . . . . . .

# ARCHERY WORLD CUP

આજે શાંઘાઈમાં તીરંદાજી વિશ્વ કપ સ્ટેજ ટુમાં ભારતે ત્રણ ચંદ્રક જીત્યા છે. પુરુષોની ટીમ - અભિષેક વર્મા, ઓજસ દેવતાલે અને ઋષભ યાદવે ફાઇનલમાં મેક્સિકોને 232-228થી હરાવ્યું. અગાઉ, ટીમે સેમિફાઇનલમાં ડેનમાર્ક અને ક્વાર્ટર ફાઇનલમાં બ્રિટનને હરાવ્યું હતું.

મહિલા કમ્પાઉન્ડ ફાઇનલમાં, જ્યોતિ સુરેખા વેન્નમ, મધુરા ધમણગાંવકર અને ચિકિથા તનીપર્થીની ભારતીય ત્રિપુટીએ રજત ચંદ્રક જીત્યો છે. અગાઉ, ટીમે કઝાકિસ્તાન અને બ્રિટનને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

મિશ્ર ટીમ ઇવેન્ટમાં, વર્મા અને ધમણગાંવકરે મલેશિયાને હરાવીને કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

. . . . . . . . . . . . . . .